# ૧૦ મેળાની મોજ

0224CH10

રૂપલને મેળામાં જવું ખૂબ જ ગમે છે. તે તેની બહેનપણીઓ સાથે સ્થાનિક મેળાની મુલાકાત લે છે. તેની માતાએ તેને ₹૫૦ આપ્યા હતા. તેણીએ તેનો મોટાભાગનો સમય તેની મનપસંદ સવારીઓ (રાઈડ્ઝ) પર ખર્ચ કર્યો.




બાળકો મેળાઓમાં કઈ વસ્તુઓની મજા લે છે, કોની સાથે જાય છે, શું ખરીદે છે અને ત્યાં કેટલા રૂપિયા ખર્ચ કરે છે તેની ચર્ચા કરો.



## મેં કેટલો ખર્ચ કર્યો?




₹૧૦






સવારી પાછળ ખર્ચવામાં આવેલા કુલ નાણાં = ____

| | | | | |
|---|---|---|---|---|
| ____ | | ____ | | ____ |
| રૂપલની માતાએ આપેલા પૈસા | − | ખર્ચવામાં આવેલા નાણાં | = | રૂપલ પાસે બચેલા પૈસા |

રૂપલની એક બહેનપણી પાસે ₹૫૦ માંથી ₹૮ બચ્યા છે. તે જાણવા માંગતી હતી કે તેણે કેટલા પૈસા ખર્ચ્યા છે. ચાલો આપણે તેને શોધવાની તેની રીત જોઈએ.



₹૮ મારી પાસે બચ્યા છે અને મેં ₹૨૦ સવારીઓ પાછળ ખર્ચ્યા છે, જે કુલ ₹૨૮ થયા . એ પછી મેં નાસ્તા પાછળ ₹૨૦ ખર્ચ્યા છે, જેથી કુલ ₹ ૪૮ થયા અને મેં બે રૂપિયા કેન્ડી પાછળ ખર્ચ્યા છે, એટલે ₹૫૦ થયા. એટલે કુલ મળીને, મેં ₹૪૨ ખર્ચ્યા છે.

₹૮ + ₹૨૦ = ₹૨૮

₹૨૮ + ₹૨૦ = ₹૪૮

₹૪૮ + ₹૨ = ₹૫૦

₹૪૨

જો તમારા પિતાએ તમને મેળા માટે ₹૪૦ આપ્યા અને અત્યારે તમારી પાસે ₹૩ બચ્યા હોય, તો તમે કેટલા રૂપિયા ખર્ચ્યા? શોધી કાઢો.

© NCERT not to be republished



## ચાલો કરીએ

**ક. ખરીદવા માટે કુલ કેટલા પૈસાની જરૂર પડશે?**

| સવારી | ટિકિટોની સંખ્યા | રકમ |
|---|---|---|
| ₹૨૦  | ૨ | ₹_____ |
| ₹૧૦  | _____ | ₹૩૦ |
| ₹૧૫  | ૨ | ₹_____ |

**ખ. આપણે જોયું કે રૂપલ અને તેની બહેનપણીઓએ જુદી જુદી ચલણી નોટો અને સિક્કાનો ઉપયોગ કર્યો છે. ચાલો આપણે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા ભારતીય ચલણને જોઈએ.**




₹૧૦૦




₹૨૦૦




₹૫૦૦

© NCERT not to be republished



## ગ. ₹૫૦૦ ની નોટ પર ₹૫૦૦ કેટલી  વખત લખવામાં આવ્યું છે તેની સંખ્યા ગણો.







1. પાંચસો રૂપિયા શબ્દોમાં લખાયેલ છે __________ વખત.

2. ૫૦૦ એ સંખ્યામાં લખાયેલ છે __________ વખત.






બાળકોને અન્ય ચલણી નોટોનું અવલોકન કરવા અને તેમની સુવિધાઓની ચર્ચા કરવા કહો. ખાસ કરીને દિવ્યાંગ લોકો માટે દરેક ચલણી નોટ પર આપેલી વિશેષતાઓની ચર્ચા કરો.જેમ કે ચલણી નોટોની સરહદ પરની રેખાઓ, ચલણી નોટ પર લખેલી સંખ્યાઓ વગેરે.



© NCERT not to be republished

તેજલની દાદીએ તેને કેટલાક જૂના સિક્કા બતાવ્યા જે તેણે પહેલાં કદીય જોયા ન હતા. ચાલો આપણે પણ આ સિક્કાઓ પર એક નજર કરીએ.




૨૫ પૈસા




૫૦ પૈસા




૧૦ પૈસા




૨૦ પૈસા

તેની દાદી ૧ રૂપિયો આપવા માટે ૫૦ પૈસાના ૨ સિક્કા આપતી હતી.




૫૦ પૈસા

+




૫૦ પૈસા

=




₹૧

૧૦૦ પૈસા = ૧ રૂપિયો

**ક. ૧ રૂપિયો આપવા માટે ૨૫ પૈસાના કેટલા સિક્કા આપવા પડશે.? નીચેની પેટીમાં સિક્કા દોરો.**

= ₹૧ અથવા

૧૦૦ પૈસા

**ખ. ૨૦ પૈસાનાં કેટલા સિક્કાઓથી ₹૧ થશે?** ______





© NCERT not to be republished

## ફૂગ્ગા ફોડો

મટરૂ એક  'ફૂગ્ગા ફોડો' રમતની દુકાને જાય છે. તેને ફૂગ્ગા ફોડવા માટે  ₹૧૦ માં ત્રણ તક મળશે. ચાલો જોઈએ કે મટરૂ કેટલા પૈસા જીતે છે?




**ક.   જો મટરૂ નીચે પ્રમાણેના  ફુગ્ગાઓ ફોડે તો તેને કેટલા રૂપિયા મળશે?**

| | |
|---|---|
|  | ₹3 |
|  | |
|  | |
|  | |

© NCERT not to be republished

ખ. જો તેણે નીચેની રકમ મેળવવી હોય તો તેને કયા રંગના ફુગ્ગાઓ અને કેટલા ફુગ્ગાઓ ફોડવા પડશે? તેટલા ફુગ્ગા સામે આપેલી જગ્યામાં દોરો અને રંગો.

| | |
|---|---|
| | ₹૧૭ |
| | ₹૨૨ |
| | ₹૩૧ |

ગ. સૌથી વધુ પૈસા કમાવવા માટે તમે કયા ત્રણ જુદા જુદા રંગના ફુગ્ગાઓને લક્ષ્યમાં રાખશો? તેમને દોરો અને રંગો.

**જીતેલી કુલ રકમ =** ____

ઘ. જો મટરૂ પાસે ચાર તકો હોય, તો તે કયા જુદા જુદા રંગના ફુગ્ગાઓને ફોડીને સૌથી વધુ પૈસા કમાઈ શકે છે? તે ફુગ્ગાઓ દોરો અને રંગો.

**જીતેલી કુલ રકમ =** ____

© NCERT not to be republished





## ચાલો કરીએ

**ચાલો આપણે જોઈએ કે ₹૬૬ ને જુદી જુદી રીતે કેવી રીતે ચૂકવી શકાય છે.**




**આપેલ રકમ બનાવવા માટે વિવિધ ચલણી નોટોનો ઉપયોગ કરો.**

| રકમ | ₹૧ | ₹૨ | ₹૫ | ₹૧૦ | ₹૨૦ | ₹૫૦ |
|---|---|---|---|---|---|---|
| ₹૫૪ | — | ૨ | — | ૩ | ૧ | — |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| ₹૮૫ | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

© NCERT not to be republished

## ચાલો ખરીદી કરીએ




| વસ્તુઓ | વસ્તુઓ ખરીદવા માટે જરૂરી પૈસા | તમારી પાસેનાં પૈસા | બચેલા પૈસા/ જરૂરી પૈસા |
|---|---|---|---|
|  | ₹ ________ |  | ₹ ________ |
|  | ₹ ________ |  | ₹ ________ |
|  | ₹ ________ |  | ₹ ________ |

© NCERT not to be republished

## ચાલો કરીએ

₹ ૧ ૮
\+ ₹ ૩ ૨
________

₹ ૧ ૫
\+ ₹ ૨ ૭
________

₹ ૪ ૭
\+ ₹ ૫ ૦
________

₹ ૨ ૨
\+ ₹ ૩ ૫
________




ક. જયંતે ₹૨૫ કલમ પર અને ₹૪૦ નોંધપોથી પર ખર્ચ્યા. તેણે કુલ કેટલા પૈસા ખર્ચ્યા? ____

ખ. મીરા પાસે ₹૪૩ છે. કનિકા પાસે મીરા કરતા ₹૧૪ વધારે છે. તો કનિકા પાસે કુલ કેટલા રૂપિયા છે? ____

ગ. બ્રેડના પેકેટની કિંમત ₹૩૦ છે અને એક ચોકલેટની કિંમત ₹૬૦ છે. તો આ વસ્તુઓ ખરીદવા માટે વિવેકને કેટલા પૈસાની જરૂર છે? ____

ઘ. અજયની પાસે ₹૫૮ છે. તેણે બજારમાં ₹૪૮ વાપર્યા.હવે તેની પાસે કેટલા રૂપિયા બચ્યા છે? ____

## પ્રોજેક્ટ કાર્ય

જ્યારે પણ તમે તમારાં માતાપિતા સાથે બજારમાં કે ખરીદી કરવા જાઓ ત્યારે તમે ખરીદેલી ચીજવસ્તુઓ અને તમે ખર્ચેલાં કુલ નાણાંની યાદી બનાવો.

આવા વધુ સંદર્ભો બનાવો અને પ્રશ્નો પૂછો કે શું બાળકો સરવાળો કરશે કે બાદબાકી.ચર્ચા દ્વારા બાળકોમાં પૈસા બચાવવાનું મૂલ્ય કેળવો.

© NCERT not to be republished